# બનાસકાંઠામાં રાહત બચાવ માટે લશ્કરી ટુકડી તૈનાત

ગાંધીનગર, તા. ૨૪ સમગ્ર રાજ્યમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં





૨૦મી જુલાઈની સાંજથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે, છતાં રાજ્ય સરકારના આગોતરા પગલાં, તાત્કાલિક કાર્યવાહી અને યોગ્ય નિર્ણયોને પગલે સમગ્ર પરિસ્થિતિ નિયંત્રણમાં છે. મહેસુલ વિભાગના અગ્ર સચિવ પંકજ કુમારે આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં લોકો સલામતી અનુભવે એવી વિનંતી છે. જે વિસ્તારોમાં પાણી હોય ત્યાંથી લોકો દૂર રહે, પાણી પાસે જવાનું દુઃસાહસ ન કરે અને પાણી સાથે સેલ્ફી લેતી વેળાએ જાન જોખમમાં ન મૂકે.

છેલ્લા ચોવીસ કલાકથી બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ વરસી રહ્યો છે. બનાસકાંઠાની પરિસ્થિતિ અંગે વિગતો આપતાં અગ્રસચિવ પંકજ કુમારે જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં એનડીઆરએફની બે ટીમો અને એસડીઆરએફની એક ટીમ રાહત-બચાવ કામગીરી કરી રહી છે. અમીરગઢ, ડીસા, દાંતીવાડા વિસ્તારોમાં વરસાદનું જોર આજે પણ વધુ છે. પરિસ્થિતિને પહોંચી વળવા લશ્કરની એક કોલમની બનાસકાંઠામાં મદ લેવાઈ છે. લશ્કરની એક કોલમ ધ્રાંગધ્રાથી નિકળીને બનાસકાંઠા પહોંચી રહી છે. આ ઉપરાંત દાંતીવાડાથી બીએસએફની એક ટીમ અને ગાંધીનગરથી બીએસએફની એક ટીમને બનાસકાંઠા મોકલવામાં આવી છે. રાજ્ય સરકારના વરિષ્ઠ સનદી અધિકારી હારિત શુકલને પણ વિશેષ જવાબદારીઓ સાથે બનાસકાંઠા મોકલવામાં આવ્યા છે, જેથી આકસ્મિક નિર્ણયો લેતી વખતે વિલંબ ટાળી શકાય.

# પાલનપુર પંથકમાં મેઘ તાંડવ : અડધું પાલનપુર પાણીમાં

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ ઇંચ જેટલો વરસાદ : દીવાલ પડતા બાળકનું મોતઃ હજારો નગરજનો ફસાયા

પવિત્ર શ્રાવણ માસના શુભારંભ સાથે જ મેઘરાજાએ તાંડવ કરતા સમગ્ર પાલનપુરમાં જળ બંબાકાર ની



પરિસ્થિતિ સર્જાઈ છે. ભાજપ શાસિત પાલનપુર પાલિકાના અણઘડ વહીવટને પગલે આજે અડધું પાલનપુર પાણીમાં હોય તેવી સ્થિતિનું નિર્માણ થતા નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

પાલનપુરમાં છેલ્લા ૪ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘ તાંડવને પગલે સૂરજ દાદાને જોવા પાલનપુરીઓ તરસી રહ્યા છે. ત્યારે ૨૪ મી જુલાઈના સવારે ૬ વાગ્યા સુધીમાં પાલનપુરમાં ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જે આજે પણ અનરાધાર વરસતા સાંજે ૬ વાગ્યા સુધીમાં ૭ ઈંચ વરસાદ થતા છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ ઈંચ વરસાદ ખાબકતા સમગ્ર પાલનપુરમાં જળ બંબાકારની સ્થિતિ સર્જાઈ છે. પાલનપુરમાં ઠેરઠેર પાણી ભરાયા છે. અડધું પાલનપુર પાણીમાં ગરકાવ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પાલનપુરમાં કોટના અંદરનો વિસ્તાર હોય કે હાઈવે પરના કોણ કોના ખબર અંતર પૂછવા જાય તે સવાલ અસરગ્રસ્તોને સતાવી રહ્યો છે. પાલનપુરમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા છેલ્લા ૩ દિવસથી અનરાધર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે શહેરના એસ.ટી બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, સિવિલ હોસ્પિટલ, બ્રિજેશ્વર કોલોની, મફતપુરા, કીર્તિસ્તંભ સહિતના વિસ્તારો બેટમાં ફેરવાયા હતા. જયારે શહેરના હાઈવે વિસ્તારની નીચાણવાળી

### માનસરોવર ઓવરફ્લો

પાલનપુર પાલિકાના અણઘડ વહીવટને પગલે ગટરનું ગંદુ પાણી માનસરોવર તળાવમાં ઠલવાતા ઉપરાંત એક બિલ્ડર દ્વારા નાળું બનાવી દેતા માનસરોવર તળાવ વરસાદને પગલે ઓવરફ્લો થતા કોલેજ કમ્પાઉન્ડ, માનસરોવર રેસિડન્સી સહિતની સોસાયટીઓ માં વરસાદી પાણી ફરી વળતા લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા હતા.

સોસાયટીઓમાં પણ વરસાદી પાણી ફરી વળતા લોકોના ઘરમાં પાણી ઘૂસતા લોકોની ઘરવખરી સહિત સરસમાન પલળી ગયો હતો.



પાલનપુર શહેર ઉપરાંત ધનિયાણા ચોકડી, સાંઈ બાબા મંદિરના હાઈવે પર વરસાદી પાણી ફરી વળતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. આ ઉપરાંત લડબી નદી જીવંત થતા આકેસણ રોડ પરની સોસાયટીઓ પણ બેટમાં ફેરવાઈ હતી. પાલનપુરમાં ભારે વરસાદને પગલે હજારો લોકો ફસાયા છે. લોકો દૂધ, પાણી અને શાકભાજી સહિતની ચીજ વસ્તુઓના અભાવે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જોકે, ડીસા બાજુ પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ બનેલુ તંત્ર પાલનપુરમાં ન ફરકતા લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

## ફાંસીની કડક સજા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ સજા ફટકારી હતી. ૨૯મી ડિસેમ્બર ૨૦૦૬ના દિવસે આ મામલો દાખલ થયો હતો. નિઠારી કાંડમાં નોંધાયેલો આ આઠમો મામલો છે. આ મામલો પિન્કી સરકાર (૨૦)ની હત્યા સાથે સંબંધિત છે. સીબીઆઈની ખાસ અદાલતના ન્યાયાધીશ પવનકુમાર તિવારીએ બંનેને દોષિત ઠેરવ્યા હતા. ચુકાદો આપવામાં આવ્યા બાદ એક પછી એક ઘટનાક્રમ જોવા મળી રહ્યા છે. ચુકાદો આપવામાં આવ્યો ત્યારે કોહલી અને પાંધેર કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ચુકાદો આવ્યા બાદ તરત જ બંને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. પાંધેર જામીન ઉપર હતો. કોર્ટે વકીલ જેપી શર્માની દલીલો ઉપર ધ્યાન આપ્યું હતું. શર્માએ કોર્ટમાં કહ્યું હતું કે, વૈજ્ઞાનિક તથ્યો પરથી સાબિત થઈ ચુક્યું છે કે, કોલીએ યુવતીનું અપહરણ કરી લીધું હતું. ત્યારબાદ દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ હત્યા કરી દીધી હતી. પુરાવા સાથે ચેડા પણ કરવામાં આવ્યા હતા. આ ઘટના પાંચમી ઓક્ટોબર ૨૦૦૬ની છે.

## મેઘ ખાંગા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતા. સેંકડો લોકોને બચાવાયા હતા . અમદાવાદના સાણંદ, બાવળા, ધંધુકા, દસ્ક્રોઈ સહિતના તાલુકાઓમાં ચારથી પાંચ ઈંચ જેટલો ભારે વરસાદ વરસ્યો હતો. ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં તો જાણે આભ ફાટયું હતું. જેના કારણે હવે સ્થિતી વણસી ગઈ છે. ચોટીલામાં ૨૦ ઈંચ વરસાદ બાદ સ્થિતી હજુ સુધી સુધરી નથી. એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ, સહિતની બચાવ ટીમો સતત કાર્યરત રહી હતી તો, કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારોમાં તો, એરફોર્સની મદદ લઈ હેલિકોપ્ટની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવાયા હતા. રાજયમાં સૌથી વધુ રેસ્કયુ ઓપરેશન સૌરાષ્ટ્રમાં મોરબી, વાંકાનેર, ચોટીલા, સુરેન્દ્રનગર, લીંબડી, માળીયામીયાંણા, મચ્છુ આસપાસના ગામો સહિતના વિસ્તારોમાં હાથ ધરાયા હતા. આજે રાજયમાં ગાંધીનગરના કલોલમાં નવ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. રોડ-રસ્તાઓ અને ખેતરોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા.આણંદ, સુરત, વલસાડ, ડાંગ-આહવા ઉપરાંત સૌરાષ્ટ્ર પંથકના અમરેલી, સુરેન્દ્રનગર, ગોંડલ, મોરબી, રાજકોટ સહિતના પંથકોમાં આજે પણ હળવાથી ભારે વરસાદના ઝાપટા નોંધાયા હતા. છેલ્લા બે દિવસના વરસાદી મેઘતાંડવના કારણે સૌરાષ્ટ્ર-કચ્છ પંથકમાં ઠેર-ઠેર નદીઓ ગાંડીતૂર બની હતી તો, ડેમો ઓવરફલો થયા હતા અને તળાવો ફાટયા હતા. રાજયભરમાં આજે પણ ભારે વરસાદને પગલે એસટી અને રેલ વ્યવહારને ભારે અસર પહોંચી હતી.

## નેતાઓ ઝડપાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સંગઠનો પાસેથી નાણા મળી રહ્યા છે. આ ખુલાસા બાદ એનઆઈએના અધિકારીઓ દ્વારા મામલાની તપાસ કરવામાં આવી હતી. મે મહિનામાં એનઆઈએ દ્વારા આ સંદર્ભમાં કેટલાક અલગતાવાદી લીડરોની પુછપરછ પણ કરાઈ હતી. એનઆઈએની એક ટીમે તહેરિકે હુર્રિયત ફારુક અહેમદ દાર ઉર્ફે બિટ્ટા કરાટે અને જાવેદ અહેમદ બાબા ઉર્ફે ગાઝીની શ્રીનગરમાંથી ધરપકડ કરી હતી. તેમની ચાર દિવસ સુધી પુછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના બંનેના બેંક ખાતાઓની જાણકારી અને સંપત્તિના દસ્તાવેજોમાં તપાસ કરવામાં આવી હતી. તેમને દિલ્હી લાવવામાં આવ્યા હતા. એનઆઈએને એવી માહિતી મળી હતી કે, કાશ્મીરમાં અશાંતિ ફેલાવવા માટે કાવતરા હેઠળ ખીણમાં સ્કૂલો અને જાહેર સંપત્તિઓને નુકસાન પહોંચાડવા માટે કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. આ સંબંધમાં એનઆઈએ દ્વારા અનેક આરોપીઓની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

## સાડા ત્રણ ઈંચ વરસાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સતત વરસાદી માહોલના લીધે સેક્ટરોમાં વરસાદી પાણી ઉતરવાનુ નામ લેતા નથી. જેના લીધે સેક્ટરોના કોમન પ્લોટમા પણ વરસાદી પાણીનો ભરવો યથાવત છે. જયારે કાદવ કિચ્ચડની સ્થિતિ વચ્ચે નતનવી સમસ્યાઓ સેકટરોને ઘેરી વળી છે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવ વચ્ચે પાણીનો ભરાવો પણ સમસ્યા રૂપ બન્યો છે. જયારે નમી પડેલા વૃક્ષોના લીધે પણ નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. રાત્રિની સાથે દિવસ દરમિયાન પણ એક ઈંચ વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડયો હતો. જયારે શહેરમાં સિઝનનો ૨૧ ઈંચ વરસાદ નોંધાયો છે. હજુ પણ બે દિવસ અતિભારે વરસાદ વરસવાની આગાહીને ધ્યાને લઈ તંત્રએ નાગરિકોને સાવચેત રહેવા જણાંવ્યુ છે. સતત વરસાદી માહોલના લીધે નગરમાં સાર્વત્રિક ઠંડકનુ મોજુ ફરી વળ્યુ છે.

## તરબોળ બન્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કલોલમાં સતત ત્રીજા દિવસે પણ મેઘરાજાએ તોફાની બેટીંગ ચાલુ રાખી હતી. આજે દિવસ દરમ્યાન સાડાત્રણ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. તાલુકાના ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં નવા પાણીની આવક થવા પામી છે. જો કે કેટલાક ગામોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

કલોલ તાલુકાના હાજીપુર-પલોડીયાના માર્ગનું ધોવાણ થતાં વાહન-વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકામાં પણ આજે દિવસ દરમ્યાન ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

મળતા અહેવાલો પ્રમાણે છાલા અને વાસણા ગામે બિન રહેણાંક મકાનની બે દિવાલ ધસી પડવાની ઘટનાઓ નોંધાઈ છે. આ ઉપરાંત તાલુકામાં ૩૦થી વધુ ઝાડ પડી ગયાનું પણ જાણવા મળેલ છે.

મળતા અહેવાલો પ્રમાણે ભાટ ગામે વીજકરંટ લાગતાં એક પશુનુ મૃત્યુ થયાનું તંત્રના ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત અંબાપુર-અડાલજ માર્ગ પરની નર્મદા કેનાલમાં ગાબડુ પડ્યાની જાણ થતાં જ તંત્રની ટીમો તાબડતોબ ત્યાં પહોંચી હતી અને તેના રિપેરીંગની કામગીરી હાથ ધરી હતી. છેલ્લા અહેવાલો પ્રમાણે આ ગાબડાના રિપેરીંગની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે. જો કે કોઈ ભયની લાગણી નહિ હોવાનું તંત્રના અધિકારીઓએ સ્વીકાર્યુ છે.

ગાંધીનગર શહેરમાં સે. ૩માં એક મકાન પર પર ઝાડ પડ્યુ હોવાની ઘટના ઉપરાંત માધ્યમિક શિક્ષણ બોર્ડની પાછળ પણ એક તોતીંગ વૃક્ષ પડતાં મીના બજાર જવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. જિલ્લા પંચાયત પાસે પણ એક વૃક્ષ ધરાશયી થયુ હતુ.

દહેગામમાં પણ આજે દિવસ દરમ્યાન ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. તાલુકાના ગ્રામ્ય વિસ્તારના તળાવમાં નવા પાણીની આવક થઈ છે. આજે થયેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. પરિસ્થિતિ સામાન્ય હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે.

## છેલ્લે... છેલ્લે...

- બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગરની શાળા - કોલેજો મંગળવારે બંધ રહેશે.
- ધરોઈ ડેમના ચાર દરવાજા રાત્રે ૧૦ વાગે ખોલાયા. ૨૦,૦૦૦ ક્યુસેક પાણી છોડાયું.
- હાલ ધરોઈ ડેમની સપાટી ૬૧૩ ફુટ છે.
- ભારે વરસાદને પગલે મહેસાણા જિલ્લાની ૩૭૭ રૂટ એસ.ટી. બંધ કરાઈ. જ્યારે પાલનપુર ૨૩૮ અને થરાદની તમામ રૂટની બસો રદ કરવાનો નિર્ણય.
- ચાણસ્મા તાલુકાના રણાસણ ગામનું તળાવ ફાટ્યું.
- રીવરફ્રન્ટ મોર્નિંગ વોકર્સ માટે ધ્યાન રાખવા ખાસ સૂચના અપાઈ.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર પરિસ્થિતિની જાણકારી મેળવી કેન્દ્રની સહાય આપવાની ખાતરી આપી.
- બનાસ નદી પરના પાણી નદીના પુલથી માત્ર ૪ ફુટ જ બાકી છે.

# સ્ટેટ ઈમરજન્સી સેન્ટરને સતત હાજર રહેલા મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ

## ભારતીય વાયુ સેનાના બે હેલિકોપ્ટર્સ, એનડીઆરએફ અને એસડીઆરએફની ટૂકડીઓ દ્વારા રાહત-બચાવ કામગીરી ચાલુ

સમગ્ર રાજ્યમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં ૨૦મી જુલાઈની સાંજથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે, છતાં રાજ્ય સરકારના આગોતરા પગલાં, તાત્કાલિક કાર્યવાહી અને યોગ્ય નિર્ણયોને પગલે સમગ્ર પરિસ્થિતિ અંગે વિગતો આપતાં અગ્રસચિવ શ્રી પંકજ કુમારે જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં એનડીઆરએફની બે ટીમો અને એસડીઆરએફની એક ટીમ રાહત-બચાવ કામગીરી કરી રહી છે. અમીરગઢ, ડીસા, દાંતીવાડા વિસ્તારોમાં વરસાદનું જોર આજે પણ વધુ



નિયંત્રણમાં છે. મહેસુલ વિભાગના અગ્ર સચિવ શ્રી પંકજ કુમારે આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં લોકો સલામતી અનુભવે એવી વિનંતી છે. જે વિસ્તારોમાં પાણી હોય ત્યાંથી લોકો દૂર રહે, પાણી પાસે જવાનું દુઃસાહસ ન કરે અને પાણી સાથે સેલ્ફી લેતી વેળાએ જાન જોખમમાં ન મૂકે.

છેલ્લા ચોવીસ કલાકથી બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ વરસી રહ્યો છે. બનાસકાંઠાની પરિસ્થિતિ છે. પરિસ્થિતિને પહોંચી વળવા લશ્કરની એક કોલમની બનાસકાંઠામાં મદ લેવાઈ છે. લશ્કરની એક કોલમ ધ્રાંગધ્રાથી નિકળીને બનાસકાંઠા પહોંચી રહી છે. આ ઉપરાંત દાંતીવાડાથી બીએસએફની એક ટીમ અને ગાંધીનગરથી બીએસએફની એક ટીમને બનાસકાંઠા મોકલવામાં આવી છે. રાજ્ય સરકારના વરિષ્ઠ સનદી અધિકારી શ્રી હારિત શુકલને પણ વિશેષ જવાબદારીઓ સાથે બનાસકાંઠા મોકલવામાં આવ્યા છે, જેથી આકસ્મિક નિર્ણયો લેતી વખતે વિલંબ ટાળી શકાય.

# સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર એલર્ટ

## હવામાન ખાતાની આગાહી સંદર્ભે જિલ્લાકક્ષાના અધિકારીઓની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૨૪ રાજ્યના હવામાન વિભાગ ધ્વારા સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે ત્યારે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર તકેદારીના ભાગરૂપે સોમવારના રોજ જિલ્લા કલેકટર પી.સ્વરૂપની અધ્યક્ષતામાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, હિંમતનગર ખાતે જિલ્લાકક્ષાના અધિકારીઓની બેઠક યોજી જિલ્લામાં થયેલા વરસાદ અને જળાશયોની સ્થિતિ પરિસ્થિતીનો તાગ મેળવ્યો હતો.

બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને જિલ્લાના ડેમ, નદી કિનારાના ગામો તથા પાણી છોડવાના પ્રસંગે કેટલા ક્યુસેક પાણી છોડવામાં આવશે તથા તેનાથી કયા ગામોને અસર થશે તેની માહીતી આપવી, આ ઉપરાંત સિંચાઈ વિભાગના સતત સંપર્કમાં રહી ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે નજીકના ગામોને તુરંત સાવધ કરવા અને જરૂર પડે સ્થળાંતર કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તાલુકા કંટ્રોલ રૂમ સતત ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી હતી. જેમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, સિંચાઈ અને પોલીસ સ્ટેશન માર્ગ મકાન, શિક્ષણ વિભાગ સહિતની કચેરીઓ સતત સંકલનમાં રહે તે માટે ભાર મુક્યો હતો.

પંચાયત વિભાગ ધ્વારા જિલ્લાના તળાવોની રોજે રોજની માહિતી તાલુકા કંટ્રોલને મળી રહે તે માટે ભાર મુક્યો હતો. જયારે ડેમ સાઈટના તમામ ટેલીફોન, વાયરલેસ અને સાયરન સતત કાર્યરત રહે તેની તકેદારી રાખવા ખાસ સૂચના અપાઈ હતી. આ ઉપરાંત જિલ્લામાં પરીવહન સેવાઓને અસર ન પંહોચે તે માટે રસ્તાઓની પરિસ્થિતિ અંગે કલેકટર પી. સ્વરૂપે વૈકલ્પિક રસ્તાઓ અંગેની ચર્ચા કરી હતી.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ